Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

ક્રમાંક:ડીએમ/હથિયારબંધી/૦૬૦૫/૨૦૨૪
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર.
તા.૦૬/૦૫/૨૦૨૪

## ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ ૩૭(૧) હેઠળનું જાહેરનામું

આગામી દિવસોમાં લોકસભા સામાન્ય ચૂંટણી– ૨૦૨૪ની મતગણતરી થનાર હોય સાંપ્રત સ્થિતિને ધ્યાને લેતા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., જામનગર તરફથી તા.૦૫/૦૫/૨૦૨૪ ના પત્ર નં.એલ.આઈ.બી./જા.ના./૧૯૫૧/૨૦૨૪ થી ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૭(૧) તળે સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૭(૧) તળે મને મળેલ સતાની રૂએ ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા.૧૦/૦૫/૨૦૨૪ થી તા.૦૮/૦૬/૨૦૨૪ (બંને દિવસો સહિત) સુધી કોઈએ :–

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(૫) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. ગીતો ગાવા નહી અને ટોળામાં ફરકવું નહીં.

(૬) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલમાં તથા એમ.પી.શાહ મ્યુનિ.ટાઉન હોલમાં પ્રવેશવું નહી.

**–: પરિશિષ્ટ :–**

**"<u>જામનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર</u>"**

આ જાહેરનામું નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિતે હથીયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી / કર્મચારી હથીયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતુ હોય તેવા બટવાઓને દંડ રાખેલ હોય તેને

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગરતો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા (૪) ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ –૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાનાં ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા.૦૬ માહે: મે–૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યું.

(ભાવેશ એન.ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

નકલ સવિનય રવાના :–
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

નકલ રવાના :–
(૧) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.
(૨) જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (ફર્સ્ટ કલાસ)કોર્ટ (તમામ)...............
(૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારું.
(૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
(૫) કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગર
(૬) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર.
(૭) મામલતદારશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.
(૮) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.
(૯) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે, જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેની ડી.એમ.શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.
(૧૦) શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં
...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.
(૧૧) આઈસીટી ઓફીસરશ્રી, કલેકટર કચેરી, જામનગર
...ઉકત જાહેરનામાને અત્રેની કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
(૧૨) સિલેકટ ફાઈલે.